| PUBLICATION NAME : | Standard Herald |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/08/2022 |
| PAGE: | 7 |

# ઈડીઆઈઆઈ દ્વારા તાલીમ અપાયેલ કારીગરોના એક્ઝિબિશનનું ઉદ્દઘાટન

અમદાવાદ ગુજરાત સરકારના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ મંત્રી શ્રી જગદિશ પંચાલે હસ્તકલા સેતુ પ્રોજેક્ટ હેઠળ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા તાલીમ અપાયેલા કારીગરો/ વીવર્સના એક્ઝિબિશનનું ઉદ્દઘાટન કર્યું હતું. તે ગુજરાત સરકારના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ વિભાગની પહેલ છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા કારીગરોને પ્રોત્સાહન આપવા ઈડીઆઈઆઈના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લા પણ ઉદ્દઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નેશનલ હેન્ડલૂમ ડેની ઉજવણી કરવા ઈડીઆઈઆઈએ હસ્તકલા સેતુ યોજના અંતર્ગત અમદાવાદ, જામનગર. જૂનાગઢ, જામનગર, ગાંધીધામ, બનાસકાંઠા અને મહેસાણામાં વિવિધ જાણીતી હાટમાં ભાગ લઈને પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરી છે.આ અંતર્ગત કુલ ૧૦૯ સ્ટોલની ગોઠવણ કરાઈ છે અને ઈડીઆઈઆઈ પાસેથી તાલીમ મેળવેલા આશરે ૨૧૮ કારીગરો તેમાં ભાગ લઈ રહ્યાં છે.

ઈડીઆઈઆઈએ હસ્તકલા સેતુ યોજના હેઠળ હેન્ડીક્રાફ્ટટટ સેગમેન્ટ (જેમાંથી ૩૦ વીવર્સ છે)માં ૧૦,૦૦૦થી વધુ કારીગરોને આધુનિક તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે. આ પ્રોજેક્ટ માટે ઈડીઆઈઆઈ છેલ્લા બે વર્ષથી ગુજરાત સરકારના કમીશનરેટ ઓફ કોટેજ ઈન્ડસ્ટ્રીનું નોલેજ પાર્ટનર છે. ઘણાં કારીગરોએને તાલીમ દ્વારા તેમની ડિઝાઈનમાં દેખિતો સુધારો કર્યો છે તથા તેમનું નેટવર્ક વિસ્તારીને નવા માર્કેટ્સમાં પહોંચીને આશરે રૂ. ૮.૦૪ કરોડની આવક કરી છે.

શ્રી જગદિશ પંચાલે પત્રકારોને સંબોધન કરતાં કહ્યું હતું કે, ઈડીઆઈઆઈના સપોર્ટથી હસ્તકલા સેતુ પ્રોજેક્ટથી કારીગરોને તાલીમ આપવામાં મદદ મળી છે તથા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલના વિઝનને સાકાર કરવામાં યોગદાન મળ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ ૧૦,૦૦૦ કારીગરોએ ઈડીઆઈઆઈ પાસેથી તાલીમ પ્રાપ્ત કરી છે અને ખરા અર્થમાં ઉદ્યોગસાહસિક બન્યાં છે. તાલીમને કારણે તેમની કલા પુનઃજીવિત થઈ છે અને તેમને બિઝનેસમાં આગળ વધતાં જોઈ ખુશી થાય છે.

પ્રોજેક્ટ વિશે વાત કરતાં ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "અમારી ઈન્સ્ટિટ્યૂટે ઈનોવેશન, રચનાત્મકતા અને ઉદ્યોગસાહસિકની ક્ષમતાને પ્રોત્સાહન આપીને હેન્ડલૂમ ઈન્ડસ્ટ્રીના અપસ્કિલિંગની કામગીરી હાથ ધરી છે. એચએમઆઈ પ્રોજેક્ટ સાથે ઈડીઆઈઆઈ કારીગરોના કૌશલ્યવર્ધન દ્વારા તેમની કામગીરીના વિસ્તરણ અને તેમના બિઝનેસને વેગ આપવાની યોજના ધરાવે છે."